સક્કરબાગ ઝુના પ્રવેશ ફીના દરમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ વપસ/૧૦૧૦/૧૦૯/ડબલ્યુ

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૧૫/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- ડબલ્યુએલપી-૧૧૯૧-૨૫૦૩-વ.૨, તા.૧૦/૧૨/૧૯૯૧

(૨) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૧૯૭-૨૩૩-ગ.૧, તા.૧૧/૦૧/૨૦૦૦

(૩) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૧૯૭-૨૩૩-ગ.૧, તા.૧૨/૦૯/૨૦૦૦

(૪) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- વપસ-૧૦૧૦-૧૦૯-ડબલ્યુ, તા.૦૪/૦૬/૨૦૧૦

(૫) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- વપસ-૧૦૧૦-૧૦૯-ડબલ્યુ, તા.૧૬/૦૩/૨૦૧૭

(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ વપસ/૨૮.૧/અ/૧૦૭૬-૭૭/૨૦૧૮-૧૯, તા.૦૪/૦૧/૨૦૧૯

ઠરાવ :-

સક્કરબાગ ઝૂ, જુનાગઢના પ્રવેશ ફી ના દરો વંચાણે લીધા- (૫)ના તા.૧૬/૦૩/૨૦૧૭ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. અ.મુ.વ.સં.શ્રી (વ.પ્રા.) ગુ.રા., ગાંધીનગરના વંચાણે **લીધા-(૬)ના** તા.૦૪/૦૧/૨૦૧૯ના પત્રથી આ પ્રવેશ ફીના દરોમાં સુધારો કરવાની દરખાસ્ત **સરકારશ્રી**ની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા બાદ **સક્કરબાગ ઝૂના પ્રવેશ ફીના નવા** દરો નીચે મુજબ નિયત કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

અ.નં.	વિગત	દર
૧	૩ (ત્રણ) વર્ષથી નીચેના બાળકો માટે પગપાળા તેમજ બસ પ્રવાસ	વિના મુલ્યે
૨	૩ (ત્રણ) વર્ષ કે તેથી વધુ પણ ૧૨ (બાર) વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે પગપાળા મુલાકાતની પ્રવેશ ફી	રૂ.૧૫.૦૦
૩	૧૨ (બાર) વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યકિત માટે ઝૂ વિસ્તારની પગપાળા મુલાકાતની પ્રવેશ ફી	રૂ.૩૦.૦૦

૪	વિદ્યાર્થીઓ જયારે શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં આવે ત્યારે ઝૂ વિસ્તારની પગપાળા મુલાકાતની પ્રવેશ ફી (વિદ્યાર્થીઓ તથા સાથમાં આવેલ શિક્ષક માટે વ્યકિત દીઠ)	
	(અ) ૩(ત્રણ) વર્ષ કે તેથી વધુ પણ ૧૨(બાર) વર્ષથી નીચેની ઉંમરના	રૂા.૫.૦૦
	(બ) ૧૨ (બાર) વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યકિત માટે	રૂા.૧૦.૦૦
૫	સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી વધુ ઉંમરના) જુના ઝૂ વિસ્તારની પગપાળા મુલાકાતની પ્રવેશ ફી	રૂ.૧૫.૦૦
૬	નવા ઝૂ વિસ્તારની ઝૂ સંચાલીત વાહન દ્વારા મુલાકાતની પ્રવેશ ફી (ત્રણ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિ માટે)	રૂ.૫૦.૦૦
૭	એમેચ્યોર કેમેરા (ફોટોગ્રાફી) (મોબાઈલ સિવાય)	રૂ.૪૦.૦૦
૮	એમેચ્યોર વીડીયો કેમેરા (મોબાઈલ સિવાય)	રૂ.૧૨૫.૦૦
૯	પ્રોફેશનલ કેમેરા (એસ.એલ.આર. કેમેરા)	રૂ.૨૦૦.૦૦
૧૦	પ્રોફેશનલ વીડીયો કેમેરા (એસ.એલ.આર. કેમેરા)	રૂ.૩૫૦૦.૦૦

૨. વન્યપ્રાણી સપ્તાહ (તા.૨ થી ૯ ઓક્ટોબર), વિશ્વ વન દિવસ (તા.૨૧ મી માર્ચ) વિશ્વ, પર્યાવરણ દિવસ (તા.૫ મી જૂન), વિશ્વ જળપ્લાવિત દિવસ (૨જી ફેબ્રુઆરી), વિશ્વ પૃથ્વી દિવસ (૨૨મી એપ્રિલ) આંતર રાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ(૨૨મી મે), વિશ્વ સિંહ દિવસ (તા.૧૦મી ઓગસ્ટ)- આ દિવસો દરમ્યાન ઝૂના મુલાકાતીઓને પગપાળા મુલાકાત માટે વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવશે.

૩. આમુખમાં દર્શાવેલ તા.૧૬/૦૩/૨૦૧૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Manish Shah

(મનીષ સી. શાહ)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ